# ગુજરાતમાં સાતમી વખત ભાજપની સરકાર















**બાર.. બાર.. ભાજપ સરકાર :** ગુજરાતમાં સાતમી વખત સત્તારૂઢ થતી ભાજપ સરકારને વધાવવા દેશમાં ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ, કેન્દ્રીય મંત્રીઓ, ભાજપના રાષ્ટ્રીય પદાધિકારીઓ, ગુજરાતના ભાજપના વરિષ્ઠ આગેવાનો અને મોટી સંખ્યામાં સમર્થકો અને શુભેચ્છકોનો મહાસાગર ઉમટ્યો હતો. દેશના ગણમાન્ય મહાનુભાવો માટે અલગ મંચની વ્યવસ્થા કરાઈ હતી. જેનાથી સમગ્ર સમારોહની ગરીમા જળવાઈ હતી અને સાધુસંતોના અલગ મંચ ઉપરથી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ અને મંત્રીઓને આશિર્વાદ અપાયા હતા. સમર્થકો અને શુભેચ્છકોએ પણ વંદે માતરમ્ અને ભારત માતાકી જય..ના જયનાદથી નવી સરકારને ઉમળકાભેર વધાવી હતી. સોમવારનો દિવસ મહાનુભાવોનો મહાસાગર અને માનવ મહેરામણ સચિવાલય સંકુલના હેલિપેડ ગ્રાઉન્ડ ઉપર ઉમટ્યો હતો. પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલની વ્યુહાત્મક રણનીતિ અને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની મૃદુ અને મક્કમ નીતિની સૌએ મુક્તકંઠે પ્રશંસા કરી હતી.

## નવી સરકારમાં સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાતનો દબદબો

### સૌરાષ્ટ્રના ૪, ઉત્તર ગુજરાતના ૨ તેમજ દક્ષિણ-મધ્ય ગુજરાતમાંથી ૧-૧ ધારાસભ્યને નવી સરકારમાં

ગાંધીનગર, તા.૧૨

ગુજરાતમાં આજે બપોરે નવી સરકારની શપથવિધિ યોજાઈ. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ અને ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓની હાજરીમાં ભૂપેન્દ્ર પટેલ મુખ્યમંત્રી તરીકે સતત બીજી વખત માટે શપથ ગ્રહણ કર્યા. આ સાથે ભુપેન્દ્ર પટેલ રાજ્યના ૧૮માં મુખ્યમંત્રી બન્યા. અને ગુજરાતમાં સતત ૭મી વખત ભાજપની સરકાર બની છે.

નવી સરકારમાં સૌરાષ્ટ્રના ૫, દક્ષિણ ગુજરાતના ૫, મધ્ય ગુજરાતના ૩ અને ઉત્તર ગુજરાતનાં ૩ ધારાસભ્યોને મંત્રીઓમાં પદમા સ્થાન મળ્યું છે. જેમાં કેબિનેટ કક્ષાના મંત્રીઓમાં સૌરાષ્ટ્રના ૪, ઉત્તર ગુજરાતના ૨ તેમજ દક્ષિણ-મધ્ય ગુજરાતમાંથી ૧-૧ ધારાસભ્યને નવી સરકારમાં સામેલ કરાયા છે. તો રાજ્યકક્ષાનો સ્વતંત્ર હવાલો દક્ષિણ અને મધ્ય ગુજરાતના ધારાસભ્યોને સોંપાયો છે. રાજ્યકક્ષાના મંત્રીઓમાં દક્ષિણના ૪, મધ્ય ગુજરાતના ૨ અને ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાંથી એક-એક ધારાસભ્યને સ્થાન અપાયું છે.

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી બાદ આજે નવી સરકારની શપથવિધી યોજાઈ. જેમાં ભુપેન્દ્ર પટેલે રાજ્યના ૧૮માં મુખ્યમંત્રી તરીકે શપથ લીધા છે. તેમને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે શપથ લેવડાવ્યા હતા. શપથ લીધા બાદ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. આ શપથવિધીમાં વડાપ્રધાન મોદી, ગૃહમંત્રી અમિત શાહ સહિતના કેન્દ્રીય નેતાઓ સહિત ભાજપના સ્ટાર પ્રચારકો પણ ઉપસ્થિત રહ્યાં હતા. ભાજપના તમામ નવા જીતેલા ધારાસભ્યો પણ શપથવિધીમાં હાજર રહ્યા હતા. ભાજપ પ્રમુખ જે.પી.નડ્ડા પણ નવી સરકારની શપથવિધીમાં ખાસ ઉપસ્થિત રહ્યાં હતા.

ગુજરાત વિધાનસભા ચૂંટણીની ૨૦૨૨ જીત્યા પછી ભાજપે ફરી એકવાર ગુજરાતમાં સરકાર બનાવી છે. આજે બપોરે સચિવાલયના હેલિપેડ ગ્રાઉન્ડ પર ભૂપેન્દ્ર પટેલ મુખ્યમંત્રીપદના શપથ ગ્રહણ કર્યા. ત્યારબાદ તેમના મંત્રીમંડળના ૮ કેબીનેટ કક્ષાના મંત્રીઓએ શપથ લીધા હતા.

કેબિનેટ કક્ષામાં કનુભાઈ દેસાઈ, બલવંતસિંહ રાજપુત, રાઘવજી પટેલ, ઋષિકેશ પટેલ અને ત્યારબાદ કુંવરજી બાવળિયા, મૂળુભાઈ બેરા, કુબેર ડિંડોર અને ભાનુબેન બાબરિયાએ શપથ લીધા હતા. ત્યારબાદ રાજ્યકક્ષાના સ્વતંત્ર હવાલામાં હર્ષ સંઘવી અને જગદીશ વિશ્વકર્મા (પંચાલ)એ શપથ લીધા હતા. રાજ્ય કક્ષાના મંત્રીઓમાં પરસોત્તમ સોલંકી, બચુભાઈ ખાબડ, મુકેશ પટેલે, પ્રફુલ પાનસેરિયા, ભીખુસિંહ પરમાર અને કુંવરજી હળપતિએ શપથ લીધા હતા.

ગુજરાત વિધાનસભાની નવી સરકારની શપથવિધી માટે મુખ્યમંત્રી અને તેમના મંત્રીમંડળ માટે હેલિપેડ ગ્રાઉન્ડ પર ત્રણ મોટાં સ્ટેજ બનાવવામાં આવ્યા હતા. આ ત્રણેય સ્ટેજ પૈકી બે સ્ટેજ પર વડાપ્રધાન, કેબિનેટ મંત્રીઓ, વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓ માટે હતા. આ સાથે એક સ્ટેજ પર સાધુ-સંતો ઉપસ્થિત રહ્યા હતા.

## નવા મંત્રીમંડળમાં અગાઉના ૧૦ મંત્રીઓનો સમાવેશ ના થયો

### જીતુ વાઘાણી, હાર્દિક, અલ્પેશ ઠાકોરનો સમાવેશ ન કરાયો : શંકર ચૌધરી, રમણભાઈ વોરા અથવા ગણપત વસાવાને વિધાનસભાના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરાય તેવી શક્યતા

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં રેકોર્ડ બ્રેક વિજય પછી આજે ભુપેન્દ્ર પટેલના મંત્રીમંડળે શપથ લીધા છે. નવા મંત્રીમંડળમાં કેટલાક મોટા ફેરફારો થશે તે નક્કી હતું જેમાં ભુપેન્દ્ર પટેલની અગાઉની ટીમના ૧૦ મંત્રીઓના પત્તા કપાઈ ગયા છે. એટલું જ નહીં આ વખતે હાર્દિક પટેલ અને અલ્પેશ ઠાકોરનો મંત્રીમંડળમાં સમાવેશ કરવામાં આવશે તેવી અટકળો ચાલતી હતી. પરંતુ એવું કંઈ થયું નથી.

ભુપેન્દ્ર પટેલના પ્રથમ મંત્રીમંડળમાં સામેલ હોય પરંતુ આ વખતે સ્થાન મળ્યું ન હોય તેવા લોકોનો વિચાર કરીએ તો તેમાં જીતુ વાઘાણીનું નામ સૌથી ઉપર આવે છે. અગાઉની સરકારના શિક્ષણ મંત્રી જીતુ વાઘાણીનું પત્તું આ વખતે કપાઈ ગયું છે. તેવી જ રીતે નવા મંત્રીમંડળમાં પૂર્ણેશ મોદી, કિરીટસિંહ રાણા, અર્જુનસિંહ ચૌહાણ, જીતુ ચૌધરીના નામ પણ ગેરહાજર છે. તેવી જ રીતે મનીષા વકીલ, નિમિષા સુથાર, ગજેન્દ્રસિંહ પરમાર, વિનુ મોરડિયા, દેવા માલમ જેવા નેતાઓ ગઈ સરકારમાં મંત્રી પદ ધરાવતા હતા, પરંતુ આ વખતે તેમની વિકેટ પડી ગઈ છે. આ વખતે શંકર ચૌધરી, હાર્દિક પટેલ, અલ્પેશ ઠાકોર, જયેશ રાદડિયાને સમાવવામાં આવશે તેવી વાતો બે-ત્રણ દિવસથી વહેતી થઈ હતી. પરંતુ તેમને મંત્રીમંડળમાં સામેલ કરાયા નથી. શંકર ચૌધરી, રમણભાઈ વોરા અથવા ગણપત વસાવાને વિધાનસભાના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવે તેવી શક્યતા છે. નવી સરકારમાં એકમાત્ર મહિલા મંત્રી તરીકે ભાનુબેન બાબરિયાનો સમાવેશ કરાય છે.

### વય ૫૭ વર્ષ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સૌથી નાની વયના મંત્રી રાજ્ય ગૃહમંત્રી હર્ષ સંઘવી છે. જેમની વય ૩૭ વર્ષ છે. આ પછી ભાનુબેન બાબરિયા જેમની વય ૪૭ વર્ષ છે. રાજ્યમંત્રી જગદીશ પંચાલની વય ૪૯ વર્ષ છે. પ્રફુલ્લ પાનસેરિયાની વય ૫૧ વર્ષ છે. મુકેશ પટેલની વય ૫૨ વર્ષ છે, કુંવરજી હળપતિની વય ૫૫ છે.

મુખ્યમંત્રી સહિત મંત્રીમંડળમાં ૩ ઈજનેર, એક ડૉક્ટરેટ, બે એલ.એલ.બી., ૧ પોષ્ટ ગ્રેજ્યુએટ, ૪ ગ્રેજ્યુએટ, ૨ ધો. ૧૨ પાસ, ૩ મંત્રી ધો. ૧૦ પાસ અને ૧ મંત્રી ધો. ૮ પાસ છે.

મંત્રીમંડળમાં ૪ સભ્યો મધ્ય ગુજરાત, ૫ સૌરાષ્ટ્ર, ૫ દ. ગુજરાત અને ૩ ઉત્તર ગુજરાતના સભ્યો છે.

મંત્રીમંડળમાં ૭૦ થી વધુ વયના ૧ મંત્રી, ૮ મંત્રી ૬૦ થી વધુ વયના, ૫ મંત્રી ૫૦ થી વધુ વયના, ૨ મંત્રી ૪૦ થી વધુ વયના, ૧ મંત્રી ૩૦ થી વધુ વયના છે. આમ સરેરાશ ૫૭ની આયુ ધરાવતા મંત્રીઓનો મંત્રીમંડળમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

### શહેરમાં ઠંડી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તાપમાન ૧૩.૩ ડીગ્રી નોંધાયુ હતુ જયારે આજે લઘુત્તમ તાપમાન ૧૭.૩ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ જેના લીધે વાતાવરણમાંથી જાણે ઠંડી જ અદ્રશ્ય થઈ ગઈ હતી. દિવસનુ તાપમાન પણ ગઈકાલની સાપેક્ષમાં ૧ ડીગ્રી ઉંચકાતા દિવસે ઉનાળા જેવી આકરી ગરમીનો અહેસાસ નગરજનોએ કર્યો હતો. મહત્તમ તાપમાન ૩૧.૫ ડીગ્રી રહ્યુ હતુ. ઠંડી ગરમીના પારાની વધઘટ વચ્ચે વાતાવરમમાં ભેજનુ પ્રમાણ પણ વધ્યુ હતુ. ગત સપ્તાહમાં વાતાવરણ પલ્ટાની અસર વચ્ચે ઠંડીનુ પ્રમાણ અચાનક જ વધી ગયુ હતુ. જયારે આજે લઘુત્તમ તાપમાન ૧૭. ૩ ડીગ્રી પહોંચી જતા ઉનાળા જેવુ વાતાવરણ બની ગયુ હતુ. છેલ્લા બે ત્રણ દિવસથી મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે બેવડાથી વધુ તફાવત જોવા મળતો હતો જયારે આજે વાતાવરણમાં નાટયાત્મક પલ્ટાના અંતે મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે બેવડાથી ઓછો તફાવત જોવા મળ્યો હતો. શહેરમાં ઠંડીની મોસમ દરમિયાન વારંવાર તાપમાનમાં ફેરફાર જોવા મળે છે. ગત સપ્તાહ દરમિયાન વાદળિયા વાતાવરણના અંતે મોસમનો મિજાજ બદલાયો હતો જયારે ઠંડીનુ પ્રમાણ પણ વધ્યુ હતુ. ઠંડીનો પારો ૧૦.૩ ડીગ્રીએ પહોંચી જતા ગાંધીનગર ઠંડુગાર બની ગયુ હતુ. જો કે છેલ્લા ત્રણ દિવસમાં ઠંડીનુ જોર તદન ઘટી ગયુ છે અલબત્ત ચાર દિવસના અંતે લઘુત્તમ તાપમાનમાં ૭ ડીગ્રીની ગિરાવટ જોવા મળી છે. આજે દિવસ દરમિયાન ઉનાળા જેવી આકરી ગરમી અનુભવી હતી જયારે ઢળતી સાંજ બાદ પણ નગરજનોએ ઘરમાં પંખા ઓન રાખવાની ફરજ પડી હતી. બદલાતા મોસમના મિજાજ વચ્ચે જનજીવન પ્રભાવિત છે. એકબાજુ શિયાળાની મોસમ માંડ જમાવટ તરફ આગળ વધતી હતી ત્યારે ગરમી અને ઠંડીના પારાની સતત ચઢ ઉતરના લીધે વાતાવરણમાં આવતા બદલાવથી પણ નગરજનો બેચેની અનુભવી રહ્યા છે. જો કે હવામાન તજજ્ઞોના જણાંવ્યા મુજબ આગામી દિવસોમાં વાતાવરણમાં ઠંડીનુ જોર વધી જશે.

### છલકાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગૌતમ, સી.ટી. રવિ, તરૂણ ચુગ અને વિનોદ તાવડે, નેશનલ સેક્રેટરીઝમાં વિનોદ સોનકર, ઓમપ્રકાશ ધુરવે, શ્રીમતી વિજયા રાહતકર, ડૉ. અલકા ગુર્જર અને શ્રીમતી આશા લાકરા તથા પાર્લામેન્ટરી બોર્ડના સભ્યોમાં ડૉ. ઈકબાલસિંહ લાલપુરા, ડૉ. સુધા યાદવ અને ડૉ. સત્યનારાયણ જાતીયા, રાષ્ટ્રીય ઉપાધ્યો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય હોદ્દેદારોમાં સુધીર ગુપ્તા, રાજકુમાર ચહર, લાલસિંહ આર્ય, જમાલ સિદ્દીકી, રાજસ્થાનના પ્રદેશ અધ્યક્ષ સતીશજી પુનિયા અને આસામના પ્રદેશ અધ્યક્ષ ભાબેશ કાલિયા તેમજ રાષ્ટ્રના વિવિધ ધર્મ-સંપ્રદાયોના પરમ આદરણીય સંતો-મહંતો, ગણમાન્ય વરિષ્ઠ અગ્રણીઓ, સાંસદો, ધારાસભ્યો તથા શુભેચ્છકો અને નાગરિકો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી અને મંત્રીઓએ સંતો-મહંતોને પ્રત્યક્ષ મળીને તેમના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પણ શપથવિધિ સ્થળે સંતો-મહંતો સાથે તથા અન્ય મહાનુભાવો સાથે સૌજન્ય મુલાકાત કરી હતી અને સમગ્ર મંત્રીમંડળની શપથવિધિ પૂર્ણ થયાં બાદ તેમણે નવનિયુક્ત મંત્રીઓને શુભેચ્છાઓ આપી હતી.

### રાજ્યભિષેક

● અનુસંધાન પહેલાનું ચાલુ

કેશવ પ્રસાદ મૌર્ય, ત્રિપુરાના નાયબ મુખ્યમંત્રીશ્રી જિષ્ણુ દેવ વર્મા, નાગાલેન્ડના નાયબ મુખ્યમંત્રીશ્રી યાનથુંગો પૈટન, અરુણાચલ પ્રદેશના નાયબ મુખ્યમંત્રીશ્રી ચોવના મેન અને હરિયાણાના નાયબ મુખ્યમંત્રીશ્રી દુષ્યંત ચૌટાલા વગેરે પણ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત ભાજપાના પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર. પાટિલ, ગુજરાત સરકારના પૂર્વ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી નિતિનભાઈ પટેલ, પૂર્વ મંત્રીશ્રી વજુભાઈ વાળા, પૂર્વ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ઉપરાંત પૂર્વ પ્રદેશ અધ્યક્ષ શ્રી આર. સી. ફળદુ અને અગ્રણી શ્રી સુરેન્દ્રભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

આજના શપથવિધિ સમારોહમાં કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રીશ્રી બી.એસ. યેદિયુરપ્પા ઉપરાંત ભાજપ શાષિત અન્ય રાજ્યોના મંત્રીશ્રીઓમાં આસામના શ્રી કેશવ મહંત, કર્ણાટકના શ્રી બી.સી. નગેશ, શ્રી બયારતી બસવરાજની પણ ઉપસ્થિતિ રહી હતી.

આ ઉપરાંત ભાજપની કેન્દ્રીય ચૂંટણી સમિતિના સભ્ય ઓમ માથુર, નેશનલ જનરલ સેક્રેટરીઝમાં શ્રી બી. એલ. સંતોષ, શ્રી દુષ્યંતકુમાર ગૌતમ, શ્રી સી.ટી. રવિ, શ્રી તરુણ ચુગ અને શ્રી વિનોદ તાવડે, નેશનલ સેક્રેટરીઝમાં શ્રી વિનોદ સોનકર, શ્રી ઓમપ્રકાશ ધુરવે, શ્રીમતી વિજયા રાહતકર, ડો. અલકા ગુર્જર અને શ્રીમતી આશા લાકરા તથા પાર્લામેન્ટરી બોર્ડના સભ્યશ્રીઓમાં ડો. ઈકબાલ સિંહ લાલપુરા, ડો. સુધા યાદવ અને ડો. સત્યનારાયણ જાતીયા, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષશ્રીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

શપથવિધિના આ કાર્યક્રમમાં ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય હોદ્દેદારોમાં શ્રી સુધીર ગુપ્તા, શ્રી રાજકુમાર ચહર, શ્રી લાલસિંહ આર્ય, શ્રી જમાલ સિદ્દીકી, રાજસ્થાનના પ્રદેશ અધ્યક્ષ શ્રી સતીશજી પુનિયા અને આસામના પ્રદેશ અધ્યક્ષ શ્રી ભાબેશ કલિથા તેમજ રાષ્ટ્રના વિવિધ ધર્મ-સંપ્રદાયોના પરમ આદરણીય સંતો-મહંતો, ગણમાન્ય વરિષ્ઠ અગ્રણીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ તથા શુભેચ્છકો અને નાગરિકો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રીઓએ સંતો-મહંતોને પ્રત્યક્ષ મળીને તેમના આર્શીવાદ પ્રાપ્ત કર્યા હતા. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ શપથવિધિ સ્થળે સંતો-મહંતો સાથે તથા અન્ય મહાનુભાવો સાથે સૌજન્ય મુલાકાત કરી હતી અને સમગ્ર મંત્રીમંડળની શપથવિધિ પૂર્ણ થયાં બાદ તેમણે નવનિયુકત મંત્રીશ્રીઓને શુભેચ્છાઓ આપી હતી.

આજે સચિવાલય સંકુલના હેલીપેડ પર વિશાળ સંખ્યામાં સમર્થકો, કાર્યકર્તાઓનો જનસાગર આ શપથવિધિ સમારોહમાં આનંદ-ઉલ્લાસથી જોડાયો હતો. જનતા જનાર્દને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનું ભારત માતાકી જય ના જયઘોષ સાથે ઉષ્માપૂર્ણ અભિવાદન કર્યુ હતું. મુખ્ય સચિવશ્રી પંકજ કુમારે સમગ્ર શપથવિધિ સમારોહનું સંચાલન કર્યુ હતું.

## ડાંગ અને વલસાડ જિલ્લામાં પડ્યો વરસાદ

### હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે ગુજરાતમાં ૧૨થી ૧૪ ડિસેમ્બર સુધી માવઠાની આગાહી

અમદાવાદ,તા.૧૨

રાજ્યમાં શિયાળીની સીઝનની શરૂઆત થઈ ગઈ છે. ધીમે-ધીમે ઠંડી વધી રહી છે. પરંતુ આ વચ્ચે ત્રણ દિવસ રાજ્યમાં માવઠાની આગાહી કરવામાં આવી છે. વલસાડ અને નવસારીમાં માવઠાની આગાહી કરવામાં આવી છે. ૧૪ ડિસેમ્બરે ભાવનગરમાં પણ માવઠાની આહાગી કરવામાં આવી છે. રાજ્યમાં માવઠાની સાથે ઠંડીનું જોર પણ વધવાનું છે. માવઠાની આગાહી વચ્ચે ડાંગ અને વલસાડ જિલ્લાના કેટલાક વિસ્તારમાં કમોસમી વરસાદ પણ પડ્યો છે.

રાજ્યના હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે ગુજરાતમાં ૧૨થી ૧૪ ડિસેમ્બર સુધી માવઠાની આગાહી કરવામાં આવી છે. વલસાડ, નવસારીમાં માવઠાની આગાહી કરવામાં આવી છે. તો ૧૪ ડિસેમ્બરે ભાવનગર સહિતની આસપાસના વિસ્તારમાં પણ માવઠાની અસર જોવા મળી શકે છે. ઉત્તર-પૂર્વીય પવનને કારણે રાજ્યમાં ઠંડીનું જોર પણ વધવાનું છે. રાજ્યમાં ૫ દિવસ બાદ ઠંડીની ચમકારામાં વધારો થશે.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં વરસાદી માહોલ જામ્યો છે. વરસાદને કારણે ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. વલસાડ જિલ્લામાં ઠંડીમાં પણ વધારો થયો છે.

### ઝુલતા પુલ દુર્ઘટના બાદ સરકારનો મોટો નિર્ણય

## મોરબી દુર્ઘટનામાં મૃતકોના પરિવારજનોને રૂા.૧૦ લાખનું વળતર આપવામાં આવશે

### ફરજમાં બેદરકારી અને નિષ્કાળજી માટે મોરબી નગર પાલિકાને વિસર્જિત કરાશે : એડવોકેટ જનરલે કોર્ટને ખાતરી આપી છે

અમદાવાદ,તા.૧૨

મોરબીમાં કેબલ બ્રિજ દુર્ઘટનામાં ૧૩૫ જેટલા લોકોના મોત થયા હતા. આ દુર્ઘટનામાં નાના બાળકો, મહિલાઓના મોત થયા હતા. મોરબી પુલ દુર્ઘટનાના મૃતકોના પરિવારજનોને હજુ સુધી ન્યાય મળ્યો નથી. ત્યારે હાઈકોર્ટમાં પણ આ મુદ્દે સુનાવણી ચાલી રહી છે. મોરબી નગર પાલિકા અને સરકારે હાઈકોર્ટમાં સોગંદનામુ રજૂ કર્યું છે. આ વચ્ચે મોટા સમાચાર મળી રહ્યાં છે કે મોરબી નગર પાલિકાને વિસર્જિત કરાશે.

મોરબી દુર્ઘટનામાં મોરબી નગર પાલિકાની નિષ્કાળજી સામે આવી હતી. આ પુલના રિનોવેશન બાદ તેની તપાસ કર્યા વગર શરૂ કરવાની મંજૂરી આપી દેવામાં આવી હતી. ત્યારબાદ બ્રિજ તૂટવાને કારણે ૧૩૫ જેટલા લોકોના મોત થયા હતા. સમગ્ર ગુજરાત સહિત દેશમાં આ મુદ્દો ચર્ચામાં આવ્યો હતો. હવે માહિતી મળી રહી છે કે મોરબી નગર પાલિકાને વિસર્જિત કરાશે. મોરબી ઝુલતા પુલની દુર્ઘટનાને લઈને સરકારે સૈદ્ધાંતિક મંજૂરી આપી દીધી છે. ફરજમાં બેદરકારી અને નિષ્કાળજી માટે મોરબી નગર પાલિકાને વિસર્જિત કરાશે.